# બારેમાસ કાગડાઓની સેવા કરતા મોડાસાના નિવૃત્ત શિક્ષક

મોડાસા, તા.૧૪

અરવલ્લી જિલ્લાના મોડા શહેરના નિવૃત્ત શિક્ષક વર્ષોથી બારેમાસ કાગડાઓને નિત્ય ભોજન આપી અનોખી સેવા કરી આનંદ લૂંટી રહ્યા છે. જયંતિકાકાનો કાગડા


(તસવીર : જય અમીન, મોડાસા)

પ્રત્યેનો પ્રેમ ગજબ છે.

આ દુનિયામાં માનવી પોતાના સ્વાર્થ માટે જાણીતો છે. માનવ સ્વભાવે જ સ્વાર્થી હોય છે. માનવ પોતાના સ્વાર્થી સ્વભાવના કારણે જ ભગવાનને પણ યાદ કરતો હોય છે ત્યારે આ દુનિયામાં નિસ્વાર્થ ભાવે સેવા કરતા લોકો પણ ક્યાંક ક્યાંક સેવાઓ કરી રહ્યા છે.

હાલ ભાદરવા માસના પાછલા દિવસો ચાલી રહ્યાછે અને આ ૧૫ દિવસ એટલે હિંદુ સમાજ માટે પોતાના પિતૃઓને યાદ કરીને શ્રાદ્ધ કરવાનો મહિમા. આ દિવસો દરમિયાન શ્રાદ્ધ પક્ષમાં લોકો કાગવાસ નાખતા હોયછે. પરંતુ બારેમાસ સતત કાગડાઓની ચિંતા કરતાં મોડાસાની કશ્યપ સોસાયટીમાં રહેતા નિવૃત્ત શિક્ષક જયંતિભાઈ રામી છેલ્લા ત્રણ વર્ષથી નિયમિત પણે પોતાના મકાનના ધાબા પર જઈ કાગડાઓને રોજ ગાંઠીયાનો ખોરાક આપે છે. પક્ષીપ્રેમી જયંતિકાકાનું આગમન થતાં જ કાગડાઓ તેમને ઘેરી વળે છે.

# ધોરણ-૧૨ પાસ વિદ્યાર્થીને મફતમાં ટેબલેટ પુરા પડાશે

અમદાવાદ,તા. ૧૪

અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓને શિક્ષણમાં મદદ કરવાના હેતુસર હવે મફતમાં ટેબલેટ ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જોકે, આના માટે અનૂસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને કેટલીક શરતો પાળવી પડશે. ધોરણ ૧૨માં ૭૦ ટકાથી વધારે માર્ક મેળવનારને જ ટેબલેટ અપાશે. અનુસૂચિત જન જાતિના વિદ્યારથીને શિક્ષનો લાભ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે ત્યારે ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ વર્તમાન શિક્ષણ પદ્ધતિ સાથે ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરી શકે તે હેતુથી તેમને મફતમાં ટેબલેટ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ટેબલેટ મેળવવા માટે વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨માં ૭૦ ટકાથી વધુ માર્ક લાવવા ફરજિયાત બનાવાયા છે. રાજ્યમાં અનુસૂચિત જાતિમાં શિક્ષણનું પ્રમાણ ખુબ જ નીચુંછએ. તેમાંય ઉચ્ચ શિક્ષણ મેળવતા અનુસૂચિત જાતિના વ્યક્તિઓની સંખ્યાનો નહીંવત બરાબર છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે તે માટે ખાસ અનુસૂચિત જનજાતિ વિકાસ કચેરી દ્વારા એસટી વિદ્યાર્થીઓને મફતમાં ટેબલેટ આપવાની જાહેરાત કરી છે. આ માટે અનુસૂચિત જનજાતિ વિકાસ કચેરી દ્વારા ધોરણ ૧૨માં ૭૦ ટકા કરતા વધારે માર્ક્સ મેળવનાર એસટીના વિદ્યાર્થીઓ પાસેથી અરજી મંગાવવામાં આવી છે. ટેબલેટ સ્કીમનો લાભ મેળવવા માટે ધોરણ ૧૨ પાસ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ ૩૦મી સપ્ટેમ્બર સુધી અનુસૂચિત જનજાતિ વિકાસ કચેરી ખાતે પોતાની અરજી મોકલી શકશે.



અમદાવાદ ખાતે આવેલ રીવર ફ્રન્ટની મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે મુલાકાત લીધી હતી તે પ્રસંગની તસવીર.



સરહદી બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે ચોથી ડીસ્ટ્રીક્ટ કરાટે ચેમ્પિયનશીપ યોજાઇ હતી. જેમાં વિવિધ શાળાના ૨૨૫ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ કરાટે ચેમ્પિયનશીપમાં છાત્રાઓએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. જોકે, દિલ્હીના ગેંગરેપ બાદ છાત્રાઓની સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઉભા થયા છે અને છાત્રાઓને સ્વરક્ષણ માટે કરાટે અને જુડો જેવી તાલીમ લેવાની હિમાયત થઈ રહી છે. ત્યારે પાલનપુર ખાતે યોજાયેલી કરાટે ચેમ્પિયનશીપમાં પણ છાત્રાોને પ્રાધાન્ય આપવામાં ાવ્યું હોવાનું સ્પર્ધક હીરલ વ્યાસે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં આયોજક એવમ્ કરાટે કોચ જયેશ પ્રજાપતિ, હર્ષદ પ્રજાપતિ, નરેશભાઈ અને સંજય વ્યાસે હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ઈવેન્ટ મેનેજમેન્ટ ઉદ્યોગના ટોચના અગ્રણીઓ એસ-અમદાવાદમાં એકઠા થશે

ઈવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્રના મોવડીઓ બે દિવસના ભવ્ય સમારંભ 'એસ'માં સામેલ થવા અમદાવાદમાં વાયએમસીએ ખાતે એકઠા થઈ રહ્યા છે. તેનું નામ સૂચવે છે તે મુજબ 'એસ' સમારંભમાં ઉદ્યોગ સાથે સંકળાયેલા ત્રણ અલગ અલગ સમારંભો એટલે કે એવોર્ડ વિતરણ સમારંભ, સંમેલન અને પ્રદર્શનનો સમન્વય કરવામાં આવ્યો છે.

પ્રથમ દિવસે પ્રસિદ્ધ ફિલ્મ દિગ્દર્શક, નિર્માતા અને પટકથા લેખક શ્રી સુભાષ ઘાઈ માનવંતા મહેમાન તરીકે હાજરી આપશે. આયોજન ઈવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્રના વિવિધ સહયોગીઓને પરસ્પર પરામર્શ કરવાનું મંચ પુરૂ પાડવાના ઉદ્દેશથી કરાયું છે. આ સમારંભમાં વિવિધ કેટેગરીના એવોર્ડઝ એનાયત કરીને વિવિધ ઈવેન્ટ મેનેજર્સના પ્રદાનની કદર કરવામાં આવશે. સંમેલન ઉદ્યોગે અવારનવાર સામનો કરવો પડે છે રોજબરોજની સમસ્યાઓ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવાની તક પુરી પાડવા ઉપરાંત જ્ઞાન/અનુભવના આદાન-પ્રદાનનું મંચ બની રહેશે.

સમારંભના પ્રથમ દિવસે 'ઈવેન્ટફૂલ ફ્યુચર-ફ્યુચર ઓફ ઈવેન્ટ એન્ડ એન્ટરટેઈન્મેન્ટ ઈન્ડસ્ટ્રી', ટેકનોલોજી-ધ સ્પાઈનલ કોડ ઓફ ઈવેન્ટ અને ચેન્જીંગ ટ્રેન્ડ ઈન ઈવેન્ટ મેનેજમેન્ટ જેવા ત્રણ મહત્વના વિષયો ઉપર પરિસંવાદોનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે બીજા દિવસે ઉદ્યોગના અગ્રણી વ્યવસાયિકો દ્વારા 'લેન્ડ ઓફ ઓપર્ચ્યુનીટી ગુજરાત', 'બી ક્રિએટર ઓફ યોર ઈન્ટેલેક્ચુલ ઈવેન્ટ પ્રોપર્ટી (આઈપી)' અને 'વેડીંગ ટ્રેન્ડઝ' જેવા વિષયો ઉપર પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું છે.

## હાઈ એલર્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપરાંત તમામ સર્કલો પર પોલીસ પોઈન્ટ મુકી દેવાયા છે. પીએમના અવર જવરના રૂટનુંખાસ વિડીયોગ્રાફી કરીને નિરીક્ષણ થઈ રહ્યું છે. આજે વિવિધ જિલ્લાઓમાંથી બંદોબસ્ત માટે આવેલા બે હજાર પોલીસ અધિકારી-કર્મચારીઓને ડયુટી સોંપી દેવામાં આવી છે. જેથી આજથી બંદોબસ્ત મોરચો સંભાળી લેતા પાટનગર લશ્કરી છાવણીમાં ફેરવાઈ ગયું છે. ગાંધીનગરમાં વિવિધ સર્કલો પર સ્થિત સીસીટીવી કેમેરા ઉપરાંત વિવિધ ગેસ્ટ હાઉસોના સીસીટીવી કેમેરાનુંપણ ખાસ ટીમ મોનીટરીંગ કરી રહી છે. ૧૭મી સુધી કોમ્બીંગ નાઈટ ઉપરાંત ત્રણ દિવસ માટે ગાંધીનગરમાં હાઈ એલર્ટ જારી કરી દેવામાં આવ્યું છે.

## વાડનો સહારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મકાનની આગળ બનાવી મકાનને આડશ પૂરી પડાઈ છે. જેમાં આજ દિન સુધી બદલાવ આવેલ નથી જેથી પ્રથમ દષ્ટિએ આ મકાનો ગ્રામ્ય કક્ષાનાં હોવાનું જણાઈ રહ્યું છે. ૨૧મી સદી તરફના પ્રયાણને અડચણરૂપ આ મકાનોમાં વર્ષોની પરંપરા જળવાઈ રહી છે જયારે રાજયના નાના ગામો કે શહેરોમાં બાકી દિવાલ બનાવી વરંડાની આડશ ઉભી કરેલી દેખાય છે.

સરકાર અદ્યતન ટેકનોલોજી સાથે પાટનગરની દિશામાં આગવી ઓળખ ઉભી કરવા સ્માર્ટસીટી, મહાત્મા મંદિર, મીઠાનો ડુંગર, સેન્ટ્રલ વિસ્ટા તથા અનેક સ્થળોને વિકસાવી વિશ્વના લોકોને આમંત્રિત કરી રહી છે ત્યારે આજ સરકારનો ભાગ ગણાતા કર્મચારીઓના નિવાસસ્થાન હજુ પણ વગડામાં ઉગતી થુવેરની વાડના સહારે જીવન ગાળી રહ્યા છે. પર્યટન અને ધાર્મિક સ્થળો તથા સરકારની ઉપલબ્ધિઓના ભરપૂર ભંડાર સમા ગાંધીનગરમાં સરકારી મકાનો પ્રત્યેની ઉદાસીનતા આંખે ઉડીને વળગે તેવી છે. હરિયાળા પાટનગરની ઓળખ એ વૃક્ષો અને નાના છોડવાં થી ઉભી થયેલી છે. પરંતુ જરુરિયાત મુજબ આ થુવેરની વાડ આવશ્યક નથી.

થુવરની વાડની નિયમિત કાપણી પણ થતી નથી તેમજ જીવજંતુ અને ઝેરી સાપ જેવા પ્રાણીઓના નિવાસસ્થાન બની ગયા છે. મચ્છરોની ઉત્પત્તિ અને હવા ઉજાશનો અભાવ પણ આ વાડ થકી ઉભો થઈ રહ્યો છે. આમ રાજયના અતિ મહત્વના શહેરમાં આધુનિક શહેરી આવાસોની તાતી જરૂરિયાત બની છે ત્યારે રાજય સરકારે સરકારી આવાસોને અદ્યતન અને શહેરની આગવી ઓળખ બને તેવા બનાવવા જોઈએ તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

## ગામેગામ ફરી રહ્યા છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આગેવાનો સાથે કરેલા આ ચિંતન પંચાયત ગામમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

શ્રી રાવલે રાજપુરા ગામને દત્તક લેવા માટે મન બનાવ્યું હોવાના સંકેતો આડકતરા જરૂર આપ્યા છે. શ્રી રાવલે જણાવ્યું હતું કે ગામમાં એનિમલ હોસ્ટેલ બનાવી અને ગોબર ગેસ પ્લાન્ટ બનાવવો જોઈએ. શ્રી રાવલે ગામ સંપૂર્ણ સ્વાવલંબી હોવું જોઈએ જેમાં સંપદા અને સંપત્તિનો મહત્તમ ઉયોગ લોકોની સુખાકારી માટે થાય તે જરૂરી હોવાનો આગ્રહ પણ કર્યો હતો.

તેમણે ગ્રામીણ વિસ્તારની શાળાના બાળકોના કેપીસીટી બિલ્ડીંગ, ધો-૮ સુધીની શાળા બનાવવી તેમજ આ માટે જરુરી કલાસરૂમની પણ વ્યવસ્થા હોવી, સહકારી ક્ષેત્રની સક્રિયતા વધારવી એટલું જ નહિ વિકાસમાં પણ તે ભાગીદાર બને તેના પર ભાર મુકયો હતો.

આ બેઠકમાં ઉપસ્થિત રહેલા જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલે જણાવ્યું હતું કે પંચાયતનું તંત્ર ગ્રામાભિમુખ છે તેમજ ગામના વિકાસમાં જે કંઈ ખૂટતી કડી હશે તો પંચાયત તેમાં પૂરક બનશે.

પાણીની ટાંકીના પ્રશ્ને પણ શ્રીમતી હીના પટેલે બનતી જરુરી સહાય માટે જિલ્લા પંચાયત મદદરુપ બનશે. આ માટે ગ્રામ પંચાયતને ઠરાવ કરી મોકલી આપવા તેમજ આંગણવાડીના જર્જરિત મકાનના રિનોવેશન માટે પંચાયતનું તંત્ર જરુરી તમામ સહાય કરશે તેવી ખાત્રી આપી હતી.

શ્રી પરેશ રાવલની આ ચિંતન બેઠક બાદ ગ્રામીણ જનજીવનમાં એક નવી જ ચેતનાનો સંચાર થયો છે. આ માટે હવે રાજપુરના આગેવાનો પણ અલગથી બેઠક કરી અને આખું આયોજન તૈયાર કરનાર હોવાનું જાણવા મળેલ છે.

## ડોર ટુ ડોર કલેક્શન

● અનુસંધાન પહેલાનું ચાલુ

દ્વારા દરરોજ ગોબર માથે ઉપાડી ઉકરડા સુધી લઈ જવાની પ્રથામાંથી મુક્તિ આપવાની યોજના તૈયાર કરી છે અને આ માટે ૫ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામમાં ઓછામાં ઓછી બે ખાસ લારી વસાવવાની રહેશે. જે માટે પણ રૂ. ૧૫ હજારની ખાસ સહાય આપવામાં આવશે.

રાજ્ય સરકારે સ્વચ્છ ગામ - સ્વસ્થ ગામ યોજના અંતર્ગત પુરસ્કારો આપવાની યોજના પણ અમલી બનાવેલી છે તે ઉલ્લેખનીય છે.

ગોકુળ ગામ, તીર્થ ગામ, પાવન ગામ, સમરસ ગામ બાદ હવે સ્વચ્છ ગામ - સ્વસ્થ ગામનો સરકાર આ નવતર પ્રોજેક્ટ સાથે ગ્રામીણ વિસ્તારને તુટતા બચાવવાના પડકારને ઉપાડી રહી છે.

ગ્રામીણ વ્યવસ્થાપન માટે સરકારે આ અતિ મહત્વનું પગલું ભર્યું છે.

## સે. ૨૨ નસીબદાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મરામત, સાફસફાઈની ઝુંબેશ યુધ્ધના ધોરણે ચાલી રહી છે ત્યારે વરસાદમાં ધોવાઈ ગયેલા રસ્તાઓ અને તુટી ગયેલા ગટરના ઢાંકણાઓથી માંડીને તમામ બાબતોનું ઉચ્ચ સ્તરેથી નિરીક્ષણ કરી તેને યોગ્ય કરવા આદેશો જારી કરી દેવાયા છે. આદેશ છુટકાની સાથે જ આ તમામ કામ શરુ પણ થઈ ગયા છે અને મોટા ભાગના કામો પુર્ણ પણ થઈ ગયા..! સીરીઝથી રોશની કર્યા ઉપરાંત રોડ મેકઅપ કરી દેવાયો છે.

આ સમયે સે-૨૨ના રહેવાસીઓ પર અન્ય સેકટરોના વસાહતીઓને ઈર્ષ્યા થઈ રહી છે. કેમ કે વડાપ્રધાનના માતૃશ્રી હિરાબા સે-૨૨માં રહે છે અને મોદી ત્યાં જવાના હોવાથી તંત્ર આખુ સે-૨૨ ચોખ્ખુંચણાક બનાવવા કામે લાગ્યું છે. સરકારી બિલ્ડીંગો પર રંગ-રોગાન, તમામ આંતરિક માર્ગોપર સાફસફાઈ, વૃક્ષોનું ટ્રીમીંગ, ઝીબ્રા ક્રોસીંગ સહિતના તમામ કામો તંત્રએ સે-૨૨માં રાતોરાત પાર પાડી આ સેકટરની આખી શકલ જ બદલી નાંખી છે.

## યુવતિઓમાં ઈન ડીમાન્ડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવી હોય તે વધુ પસંદ કરી રહ્યાં છે. ચણિયા ચોળીમાં પણ યુવતીઓ વેસ્ટર્ન ટચને પસંદ કરી રહી છે. જો કે હજુ પણ તેમાં દેશી ભરતકામ અને લ્હેરીયું ઈન ડીમાન્ડ છે. આ વખતે યુવતીઓમાં 'રામલીલા' ફેમ દિપીકા પદુકોણે 'નગાડા સંગ ઢોલ બાજે' ગીતના નૃત્ય વખતે પહેરેલી ચણિયાચોળી હોટ ફેવરિટ બની છે. પહેલાના જમાનામાં લોકો શરીરે છુંદણા ત્રોફાવતાં હતા જે આજના જમાનામાં 'ટેટુઝ' સ્વરૂપે લોકપ્રિય બન્યાં છે. નવરાત્રિમાં પણ અવનવા ટેટુની બોલબાલા વધી છે જેમાં ખાસ કરીને ગરબા રમતું કપલ અને અંબેમાનુંચિત્ર વધુ પસંદ કરાઈ રહ્યુંછે. 'ટેટુઝ' કરાવવામાં યુવકો કરતા યુવતિઓમાં વધુ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

યુવાનો દ્વારા પસંદ કરાતા કેડિયાના રંગોમાં અનોખી વિવિધતા જોવા મળી રહી છે. એક કેડિયા પાછળ યુવાનો હજારો રૂપિયા ખર્ચી રહ્યાં છે. ગાંધીનગરના યુવાનો રૂપિયા ૩૦૦૦થી ચાલુકરીને ૨૦૦૦૦ સુધીના ભાવ આપી રહ્યાં છે. અથવા રોજ અલગ અલગ કેડિયા પહેરીને ગરબામાં જમાવટ કરવા ૫૦૦ રૂપિયાથી લઈને ૫૦૦૦ સુધી ભાડે કેડિયા - ચણિયા ચોળી લઈ રહ્યાં છે. ગરબાના નવા નવા સ્ટેપ્સ માટે 'રામલીલા' થી લઈને યો યો હનીસિંહ અને મીકાના ગીતો પર હાથ અજમાવી રહ્યાં છે. ગયા વર્ષે નડેલ વરસાદી વિઘ્ન આ વર્ષે પણ ફરી નડી શકે તેવો માહોલ તાજેતરમાં સર્જાતા યુવાનોમાં થોડી નિરાશા જરુર દેખાઈ છે. વળી આ વર્ષે એક નોરતું ઓછું હોવાથી ખેલૈયાઓ જેટલા દિવસ નવરાત્રિ કરવા મળે તેટલા દિવસ તન-મન-ધનથી ગરબે ઘુમી લેવા કટિબધ્ધ બન્યાં છે.

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉભરાયો છે, કારણ કે અમેરિકાને પણ ભારતમાં બિઝનેસ કરવો છે. મોદીના ત્રાજવામાં એક તરફ ચાઈના છે અને બીજી તરફ અમેરીકા છે...

**પાડોશી દેશો વચ્ચે ભાઇચારો- મુખ્ય એડન્ડા ...**

ગાંધીનગરને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું છે. અમદાવાદને પણ તેનો લાભ મળ્યો છે. ઈન્ડિયાના અને ચાઈના ના મિલનમાં રિવરફ્રન્ટ એક મિસાલ બનીને રહેશે. પડોશીઓ વચ્ચે ભાઈચારો એ મોદીનો એજન્ડા છે તેથી જ જેઓ સાર્ક દેશોમાં એકતા માટે વધારે ભાર મૂકે છે. ચાઈના ભલે સાર્ક દેશોમાં આવતું ન હોય પરંતુ તે ભારતની બોર્ડર સાથે જોડાયેલું છે. મોદી સરકારની ફોરેન પોલિસી હજી આવવાની બાકી છે ત્યારે તેમાં એકતાનો જ સંદેશ હોવાની સંભાવના વધતી જાય છે. આમ પણ ભારત કોઈને દુશ્મન બનાવવા માગતું નથી. પાડોશી દેશો જયારે છમકલાં કરે ત્યારે તેમને સબક શિખવાડવા આપણે પણ હથિયાર ઉપાડીએ છીએ. મોદીની વિદેશ નિતીમાં એક તરફ ગુલાબ હશે તો બીજી તરફ કાંટા પણ હશે...

**પ્લિઝ, મારો જન્મદિન કોઇ ન ઉજવશો ...**

વડાપ્રધાન મોદીએ એક અપીલ કરી છે કે પ્લિઝ, મારો જન્મદિન કોઈ ઉજવશો નહી. એક બાજુ જમ્મુ અને કાશ્મિરમાં પૂર પછીની સમસ્યાઓ વિકરાળ બની છે અને બીજી તરફ ગુજરાતના વડોદરા કે જયાંથી મોદી લોકસભાની ચૂંટણી સૌથી વિશાળ માર્જીન સાથે જીત્યા હતા તેની હાલત પણ પૂરના કારણે કથળી છે- એવા સમયમાં લોકોની વચ્ચે જઈને તેમના દુખ-દર્દ દૂર કરવાના આદેશ આપીને મોદીએ તેમના જન્મદિનની ધામધૂમથી ઉજવણી નહી કરવાનું પાર્ટીના કાર્યકર્તાઓને જણાવ્યું છે. જો કે કુદરતી આપત્તિ આવે ત્યારે સામાન્યરીતે સરકાર કે તેના શાસક જાકમજોળ હોય તેવી કોઈ ઉજવણી કરવાનું ટાળે છે. મોદીએ પણ આ સૌજન્ય દાખવ્યું છે...

**નકલ અને રિએક્ટ- કોંગ્રેસનો રાજકીય મંત્ર ...**

આપણે ત્યાં ગુજરાતીમાં એક કહેવત છે કે નકલને અક્કલ ન હોય .. કોંગ્રેસના વડોદરા લોકસભાના કેન્ડિડેટ મતદાનના દિવસે મતદાન મથકના પરિસરમાં પાર્ટીના પ્રતિક સાથે સેલ્ફી લેતા ચૂંટણી કમિશનના રડારમાં ફીટ થઈ ગયા છે. આ નરેન્દ્રભાઈ પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્રભાઈની નકલ કરવા ગયા છે, પણ ફસાઈ પડ્યા છે. મોદી કરે એ કરવાનું અને મોદી બોલે એને નેગેટીવ ફોર્મમાં રજૂ કરી આનંદ લેવાનો... બસ આ જ કોંગ્રેસનું રાજરાકણ બની ચૂક્યું છે. મોદીને આટલા બધા પોપ્યુલર કરવામાં કોંગ્રેસના નેતાઓ જ જવાબદાર છે. મણીશંકર ઐયરે ભાજપને કેન્દ્રમાં સત્તા અપાવી તેમ આ નરેન્દ્રભાઈ પેટા ચૂંટણીમાં ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલને મદદ કરી રહ્યાં હોય તેવું લાગે છે. વડોદરા અને મણીનગરમાં ભલે મતદાન ઓછું હોય, કોંગ્રેસનો ગજ વાગવાનો નથી તે દિવાલ ઉપર લખેલું સત્ય છે. અચ્છે દિન જોઈતા હોય તો કોંગ્રેસને નકલ અને રિએક્ટ જેવા શબ્દો ભૂલવા પડશે...

**મુંબઇ !.. માત્ર એક કલાક બાવન મિનિટ ...**

ભારતમાં આજે સૌથી મોટું રેલવે નેટવર્ક છે પરંતુ કેટલાક સુપરફાસ્ટ રૂટ એવા છે કે જેમાં કલાકના ૨૦૦ કિલોમીટરની ઝડપે દોડી શકે તેવી ટ્રેઈન ચલાવી શકાય છે. તેનાથી ઝડપી ટ્રેઈન દોડાવવી શક્ય નથી. હવે હાઈસ્પીડ રેલવેનો જમાનો છે, તેથી ભારતીય રેલવે મુંબઈ અને અમદાવાદ વચ્ચે હાઈસ્પીડ રેલનો પ્રોજેક્ટ શરૂ કરી રહી છે, જે પૂર્ણ થતાં પૂરા સાત વર્ષ (૨૦૨૧)નો સમય લાગે તેમ છે. રેલ્વે મંત્રાલયનો અંદાજ છે કે કલાકના ૩૫૦ કિલોમીટરની ઝડપે દોડતી આ ટ્રેન બન્ને શહેરો વચ્ચેનું અંતર માત્ર એક કલાક બાવન મિનિટમાં કાપી શકશે. એક અધિકારીએ જણાવ્યું હતું કે આ હાઈસ્પીડ ટ્રેન માટે પ્રતિ કિલોમીટરે ૮૦ કરોડનો ખર્ચ થશે, એટલે કે ૫૪૬ કિલોમીટરના અંતર માટે ૪૫૦૦૦ કરોડનો ખર્ચ થવાનો છે...

**શામળાજી મંદિરને નવો લુક અપાયો ...**

કારતક પૂર્ણિમાના દિવસે જયાં ચાર રાજયોના આદિવાસીઓ એકત્ર થઈને ભવ્ય મેળો યોજે છે તેવા ગુજરાતના સુપ્રસિદ્ધ શામળાજી મંદિરને નવો આધુનિક લુક આપવામાં આવ્યો છે. મંદિરના પરિસરમાં ૩૦ કરોડના ખર્ચે રિનોવેશન કરવામાં આવ્યું છે અને હવે બીજા તબક્કામાં ૭૦ કરોડના કામો થશે. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સેક્રેટરી અનિલ પટેલ કહે છે કે શામળાજી એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી બની જતાં હવે તેના ડેવલપમેન્ટમાં માર્ગ-મકાન, શહેરી વિકાસ, પાણી પુવરઠા, ટ્રાન્સપોર્ટ સહિતના વિવિધ ડિપાર્ટમેન્ટનો હિસ્સો વધ્યો છે. મેશ્વો નદી પર ગુજરાતના ત્રીજો રિવરફ્રન્ટ આકાર લઈ રહ્યો છે, જે શામળાજીની બ્યુટીમાં વધારો કરશે. અમદાવાદ-ઉદેપુર હાઈવે ઉપર આવેલા આ યાત્રાધામને જોડતો અંડરબ્રીજ પણ બનાવવામાં આવશે કે જેથી યાત્રાળુઓને આવવા-જવા માટે સરળતા રહે...

**ગિફ્ટ સિટી દેશમાં મોડલ બનશે ...**

ભારતના ૧૦૦ સ્માર્ટ શહેરોની યાદીમાં ગુજરાતના ચાર શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે પરંતુ ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી એ સમગ્ર દેશ માટે મોડલ સિટી બન્યું છે. ભારત સરકારની આ મહત્વકાંક્ષી યોજના માટે રાજયો પાસેથી અભિપ્રાય માંગવામાં આવી રહ્યાં છે ત્યારે રાજયોને ગુજરાતના ગિફ્ટ સિટીની દુહાઈ દેવામાં આવે છે. ગિફ્ટ એ ૭૮૦૦૦ કરોડનો સ્માર્ટ પ્રોજેક્ટ છે જેની અંતિમ કોસ્ટ ૧.૨૦ લાખ કરોડ જોવાઈ રહી છે, બીજી તરફ ધોલેરાને ઈન્ટરનેશનલ એરપોર્ટનો દરજ્જો આપીને કેન્દ્ર સરકારે ધોલેરા સિટી માટેના દરવાજા ખોલી નાંખ્યા છે. ધોલેરાના ડેવલપમેન્ટમાં પણ એક લાખ કરોડ ખર્ચવાનું આયોજન છે. સચિવાલયના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આગામી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં સ્માર્ટ સિટી માટેની દરખાસ્તો સ્વિકારવામાં આવશે...

**ગુજરાતી ચટકા હવે વિશ્વના દેશોમાં ...**

ગુજરાતી થાળીમાં કેટલી ચીજવસ્તુ આવે છે... કોઈ કહે છે કે સાત, દસ. બાર.. આપણે સ્વામીનારાયણ મંદિરમાં કે કૃષ્ણ જન્મોત્સવમાં ૧૦૦ થી ૧૫૦ -કારની ચીજવસ્તુ જોઈએ છે. ખાસ કરીને ભજીયા, હાંડવો, ઢોકળાં, પાપડી, ગાંઠીયા જેવા હળવા નાસ્તાની ચીજો જોઈએ તો ૫૦ ગણી શકાય તેવી છે. ચાઈનાના -સિડેન્ટ ઝીગપીગ આપણા મહેમાન બન્યા છે ત્યારે અમદાવાદની ફાઈવસ્ટાર હોટલના મેનુ માં જ ૧૨૦થી વધારે આઈટમ છે, જેમાં એકપણ નોનવેઝ નથી. એકપણ ચાઈનિઝ નથી. હિન્દી ફિલ્મોમાં તો ગુજરાતી આઈટમો લોકપ્રિય બની ચૂકી છે, હવે આપણી ગુજરાતી થાળી ઈન્ટરનેશનલ માર્કેટમાં પહોંચી રહી છે. હાલ તો ચાઈનીઝ માર્કેટમાં ગુજરાતની આ થાળીની બોલબાલા છે. જાપાન, અમેરિકા, રશિયા જેવા દેશો પણ ગુજરાતી આઈટમના દિવાના બન્યા છે. એટલે કે આપણે ભોજનમાં મેઈડ ઈન ગુજરાતનું ગૌરવ અવશ્ય લઈ શકીએ છીએ...

**ત્રિ-મંદિરમાં મોદીને ગિફ્ટ મળશે ...**

ત્રિમંદિર એ ધાર્મિક સ્થળ છે. દાદા ભગવાન પ્રેરિત આ સ્થળ ખૂબ પોપ્યુલર છે. ૧૬મી સપ્ટેમ્બરના રોજ આ મંદિરના પરિસરમાં ભાજપ પરિવારનું મોદી સાથે મિલન છે. આ સ્થળે દેશના સર્વોચ્ચસ્થાને બિરાજેલા નરેન્દ્ર મોદી અને અમિત શાહનું અભિવાદન થશે. અડાલજ પાસે આવેલા આ ત્રિમંદિરને જડબેસલાક સુરક્ષા કવચ પુરૂં પાડવામાં આવ્યું છે, જયાં નરેન્દ્ર મોદી, અમિત શાહ અને આનંદીબેન પટેલ ઉપસ્થિત રહેવાના છે. ૧૬મીએ ગુજરાતની પેટા ચૂંટણીનું પરિણામ પણ છે, આ પ્રસંગે મોદીને આનંદીબેન પટેલ ૧૦માંથી કેટલી બેઠકોની ગિફ્ટ આપે છે તે જોવાનું રહ્યું... હાલ ભાજપના પ્રદેશ નેતાઓ લોકસભાની એક બેઠક અને વિધાનસભાની સાત બેઠકો માટેનો આત્મવિશ્વાસ ધરાવે છે...

**મોદી ચલે અમેરિકા - જાદુ છવાયો છે ...**

ગુજરાતના કોમી તોફાનો સંદર્ભે અમેરિકાએ ગુજરાતના ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીને અમેરિકા તો આવવા દીધા ન હતા પરંતુ જેવા મોદી વડાપ્રધાન થયા કે તરત જ અમેરિકાએ તેની નિતીમાં ગજબનું પરિવર્તન કરી દીધું છે. મોદીને વેલકમ કરવા અમેરિકા આજે સજ્જ થયું છે. સપ્ટેમ્બરના અંતમાં ત્રણ દિવસની અમેરિકાની મુલાકાતે જતા મોદીના અભિવાદન માટે ન્યૂયોર્કના વિશ્વપ્રસિદ્ધ મેડિસન સ્કવેર ગાર્ડનમાં જે સમારંભ યોજવામાં આવ્યો છે ત્યારે તેમાં હાજર રહેવા અમેરિકાના સેનેટર્સ અને કોંગ્રેસમેનમાં હોડ લાગી છે. આ ગાર્ડનની ક્ષમતા ૨૦ હજાર લોકોની છે જેની સામે ૧૫૦૦૦ ટીકીટો ઓનલાઈન ડ્રો કરીને ફી વહેંચવામાં આવી છે. ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપી દ્વારા આ અભિવાદન સમારોહ યોજાઈ રહ્યો છે*

**મોદી ચલે અમેરિકા - જાદુ છવાયો છે ...**

ગાંધીનગરનું રાજભવન મહેલની જેમ શણગારવામાં આવ્યું છે, કારણ કે પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી રાજભવનમાં રાત્રીરોકાણ કરવાના છે. મોદીના આગમનને વધાવવા સમગ્ર ગાંધીનગરને શણગારવામાં આવ્યું છે. પાટનગર જાણે કે આજે આ મહેમાનને સત્કારવા યજમાન બન્યું છે...

## શબ્દાવલી - ૫૫૦૫



### આડી ચાવી

૧. આશા, આકાંક્ષા (૪)
૪. જુગટુ, ચોસઠ (૩)
૬. ખળખળવું, ... થવો (૫)
૮. કફન (૩)
૧૦. ... ને કોઇ થોભ નહિ (૨)
૧૨. ૨૦ કિલો બરાબર એક ... થાય (૨)
૧૩. બારણું, દરવાજો (૩)
૧૪. ખંજવાળ, ચળ (૩)
૧૫. સજ્જડ, ચક્ક... (૨)
૧૭. જાદુ (૩)
૧૮. સગવડ (૪)
૨૦. તરફડાટ (૩)
૨૧. ઇતિહાસ (૪)

### ઊભી ચાવી

૧. અણમાનીતું (૫)
૨. ગોરસ, મહિદ્ર (૩)
૩. પાણીની ચકલી (૨)
૪. એક કઠોળ (૨)
૫. બાજોટ, બેસવા માટેનો... (૩)
૭. અઢળક, પુષ્કળ (૪)
૯. પરંતુ, કિન્તુ (૨)
૧૧. ભળાવવું, ... કરવી (૪)
૧૩. કલંકીત, કાળુ (૪)
૧૫. બંદૂક કે તોપના દારૂને સળગાવવાનો પલીતો (૪)
૧૬. શ્રવણે મા-બાપને... માં બેસાડી યાત્રા કરાવી (૩)
૧૮. સત્ય, પરચો, સાચ (૨)
૧૯. સવા ન પચે એટલે (૨)

### શબ્દાવલી ૫૫૦૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) અતડુ (૩) લાગવગ (૬) ગતાગમ (૮) ડુલ (૯) ખ્વાહીશ (૧૧) કલગી (૧૩) વેરણ (૧૪) લાત (૧૫) પગ (૧૭) અલગ (૧૮) તપ (૧૯) ડગ (૨૦) ઉણપ (૨૨) ભાર (૨૩) તરાપ

**ઊભી ચાવી :-** (૧) અઢળક (૨) ડુગડુગી (૩) લાગ (૪) ગમખ્વાર (૫) ગણેશ (૭) તાલ (૧૦) હીણપત (૧૨) લગોલગ (૧૩) વેતરણ (૧૬) ગપસપ (૧૭) અડગ (૨૦) ઉર (૨૧) પત

**MOTOR ACCIDENT CLAIMS JURISDICTION, MUMBAI.**
**(Notice Under Section 260(1) of Maharashtra Motor Vehicle Act-1989)**
**APPLICATION NO. 737/13,**
**M/s. MCGM (B.E.S.T.) ...Applicant**
**V/s**
**Mr. Kishor Soni ...Opponent.**
**And**
**The New India Issu.Co.Ltd. ...Inssurer**
**To,**
**Mr. Kishor Soni**
**Add : At Post, Pethapur, Tal. & Dist. Gandhinagar, Valsad, GUJARAT-396001**
To,
Where as per the Attached Application, Applicant have lodged Application against you to claim compenstion Under Section **166** of Motor Vehicle Act-1988 regarding the mentioned accident Under Section 165 clause (1) of Motor Vehicle Act 1988. Therfore you should remain present in Court No. **6** on **8/10/2014** at 11.00 A.M. and show cause why compensation amount demanded by applicant should not be approved.
If you will fail to remain present on above mention datethen this Court will considered that you have nothing to say about the compensation and the Court will declared on sided judgment kindly note this.
This Notice issued today on 22/8/2014 with my signature and seal of the judiciary Court.
SEAL
**By Order**
**For Administrator**
**M.A.C. Jurisdiction, Mumbai.**
**9, H.S.Rd., Mumbai-400 001.**